SAMVAD E-JOURNAL
ISSN (Online) :2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-1, January to March : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# કૃત્રિમ બુદ્ધિમત્તા(AI) દ્વારા સાંસ્કૃતિક પરિવર્તનનો એક સમાજશાસ્ત્રીય અભ્યાસ

ધારાબેન કે.ધંધુકિયા
રિસર્ચ સ્કોલર.સમાજશાસ્ત્ર ભવન.મહારાજા કૃષ્ણકુમારસિંહજી ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર

***સારાંશ :***

*પ્રસ્તુત સંશોધન પેપર કૃત્રિમ બુદ્ધિમત્તા (Artificial Intelligence)ના વિકાસથી સમાજમાં થતા સાંસ્કૃતિક પરિવર્તનોનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. આધુનિક યુગમાં AI આધારિત ટેક્નોલોજી માનવ જીવનના દરેક ક્ષેત્રમાં પ્રવેશી ગઈ છે અને તેણે સમાજની સંસ્કૃતિ, મૂલ્યવ્યવસ્થા, ભાષા, કુટુંબ વ્યવસ્થા તથા સામાજિક સંબંધોની રચનામાં નોંધપાત્ર ફેરફારો લાવ્યા છે. ડિજિટલ પ્લેટફોર્મ્સ, અલ્ગોરિધમિક વ્યવસ્થાઓ અને દ્વારા ઊભી થતી ડિજિટલ સંસ્કૃતિ એક તરફ માહિતી સુધી ઝડપી અને સરળ પહોંચ, વૈશ્વિક જોડાણમાં વધારો કર્યો છે, તો બીજી બાજુ પરંપરાગત સાંસ્કૃતિક મૂલ્યો, સામૂહિક જીવનશૈલી અને માનવીય સંવેદનશીલતાને પડકારરૂપ બની રહી છે.AIના વધતા ઉપયોગના કારણે સામાજિક વ્યવહારમાં વર્ચ્યુઅલ સંવાદનું મહત્વ વધ્યું છે, જેના પરિણામે વ્યક્તિગત અને કુટુંબ સંબંધોમાં ભાવનાત્મતા, સામાજિક એકાંત અને પરંપરાગત સંવાદમાં ઘટાડો જોવા મળે છે. સાથે જ, વૈશ્વિક ડિજિટલ સંસ્કૃતિના પ્રભાવ હેઠળ સ્થાનિક ભાષાઓ, રિવાજો અને પરંપરાઓ પર સમાનતાનું દબાણ વધી રહ્યું છે. આ સ્થિતિ નવી ચિંતાઓ અને ઓળખના પ્રશ્નો ઊભા કરે છે.આ અભ્યાસ સાંસ્કૃતિક પરિવર્તન, આધુનિકીકરણ, ટેક્નોલોજીકલ નિર્ધારણવાદ અને વૈશ્વિકીકરણ જેવા સમાજશાસ્ત્રીય સિદ્ધાંતોના આધાર પર AI અને સંસ્કૃતિ વચ્ચેના સંબંધને સમજાવવાનો પ્રયત્ન કરે છે. દ્વિતીયક માહિતીને આધારિત આ અભ્યાસ દર્શાવે છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા માત્ર સંસ્કૃતિના વિઘટનનું સાધન નથી, પરંતુ યોગ્ય નીતિ, નૈતિક માર્ગદર્શન અને સાંસ્કૃતિક સંવેદનશીલતા સાથે તેનો ઉપયોગ થાય તો પરંપરા અને આધુનિકતાનું સંતુલિત સહઅસ્તિત્વ શક્ય બની શકે છે.*

***Key words**:કૃત્રિમ બુદ્ધિમત્તા, સંસ્કૃતિક પરિવર્તન, ડિજિટલ સંસ્કૃતિ, પરંપરા અને આધુનિકતા*

**પ્રસ્તાવના :**

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના ઝડપી વિકાસ સાથે માનવ સમાજમાં વ્યાપક પરિવર્તનો સર્જાઈ રહ્યા છે. આ પરિવર્તનોમાં કૃત્રિમ બુદ્ધિમત્તાએક મહત્વપૂર્ણ અને પ્રભાવશાળી તત્વ તરીકે ઉભરી આવી છે. AI માત્ર એક તકનીકી નવીનતા નથી, પરંતુ તે માનવ જીવનની દૈનિક પ્રક્રિયાઓ, વિચારસરણી, સામાજિક વ્યવહાર અને સંસ્કૃતિક મૂલ્યોને નવી દિશા આપતી એક સામાજિક શક્તિ બની ગઈ છે. સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણથી જોવામાં આવે તો, કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા સર્જાતા ફેરફારો સમાજની સંસ્કૃતિમાં મૂળભૂત પરિવર્તન લાવી રહ્યા છે.પરંપરાગત સમાજોમાં સંસ્કૃતિ માનવ સંબંધો, કુટુંબ વ્યવસ્થા, રિવાજો, પરંપરાઓ, ભાષા અને મૂલ્યવ્યવસ્થા પર આધારિત રહી છે. આ સંસ્કૃતિ પેઢી દર પેઢી અનુભવ અને સામૂહિક જીવન દ્વારા વિકસતી આવી છે. પરંતુ ડિજિટલ યુગમાં AI આધારિત ટેક્નોલોજીજેમ કે સોશિયલ મીડિયા, ડિજિટલ પ્લેટફોર્મ્સ, અલ્ગોરિધમિક વ્યવસ્થાઓ એ સંસ્કૃતિના સ્વરૂપમાં ઝડપી અને વ્યાપક ફેરફાર લાવ્યા છે. માનવ પ્રત્યાયન હવે વધુને વધુ વર્ચ્યુઅલ બની રહ્યો છે, માહિતીનો પ્રવાહ ઝડપી થયો છે અને વૈશ્વિક સંસ્કૃતિક સંપર્કો વધ્યા છે.આ પરિવર્તનના પરિણામે એક તરફ કાર્યક્ષમતા, જ્ઞાનની ઉપલબ્ધતા અને વૈશ્વિક જોડાણમાં વધારો થયો છે, જ્યારે બીજી તરફ પરંપરાગત મૂલ્યોનું ક્ષય, સ્થાનિક સંસ્કૃતિ પર વૈશ્વિક ડિજિટલ સંસ્કૃતિનો પ્રભાવ, વ્યક્તિગત સંબંધોમાં અંતર અને નૈતિક પ્રશ્નો જેવી સમસ્યાઓ પણ ઊભી થઈ છે. તેથી, કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા થતા સંસ્કૃતિક પરિવર્તનોને સમાજશાસ્ત્રીય રીતે સમજવું આવશ્યક બની ગયું છે.આ પરિવર્તનના પરિણામે એક તરફ કાર્યક્ષમતા, જ્ઞાનની ઉપલબ્ધતા અને વૈશ્વિક જોડાણમાં વધારો થયો છે, જ્યારે બીજી તરફ પરંપરાગત મૂલ્યોનું ક્ષય, સ્થાનિક સંસ્કૃતિ પર વૈશ્વિક ડિજિટલ સંસ્કૃતિનો પ્રભાવ, વ્યક્તિગત સંબંધોમાં અંતર અને નૈતિક પ્રશ્નો જેવી સમસ્યાઓ પણ ઊભી થઈ છે. તેથી, કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા થતા સંસ્કૃતિક પરિવર્તનોને સમાજશાસ્ત્રીય રીતે સમજવું આવશ્યક બની ગયું છે.

**સમસ્યા કથન:**

આ સંશોધન પેપરનું મુખ્ય પ્રશ્ન એ છે કે, કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ડિજિટલ ટેક્નોલોજીના ઝડપી વિકાસથી પરંપરાગત સંસ્કૃતિ, કુટુંબ, સામાજિક સંબંધો, મૂલ્યપ્રણાલી અને ઓળખ પર કેવી અસર પડી રહી છે અને આ પરિવર્તનો માનવ જીવનમાં કઈ સમસ્યાઓ ઊભી કરે છે.પરંપરાગત મૂલ્યો, સામૂહિકતા અને લાગણાત્મક સંબંધો હવે ડિજિટલ માધ્યમોથી પ્રભાવિત થઈ રહ્યા છે. વૈશ્વિક ડિજિટલ પ્લેટફોર્મ્સ પરંપરા અને સ્થાનિક ઓળખને ઘેરા અસર કરે છે, જે સાંસ્કૃતિક સમાનતા અને ઓળખના સંકટ (Identity Crisis) તરફ દોરી શકે છે.સાથે જ, AI આધારિત ડેટા, મોનિટરિંગ અને અલ્ગોરિધમ્સ માનવીય વર્તન, પસંદગીઓ અને જીવનશૈલી પર નિયંત્રણ લાવી શકે છે, જે ગોપનીયતા, સ્વતંત્રતા અને નૈતિકતા માટે પડકારરૂપ બની રહ્યું છે.

**અભ્યાસના હેતુઓ:**

AI દ્વારા સંસ્કૃતિમાં થતા મુખ્ય પરિવર્તનો જાણવાનો હેતુ.
પરંપરાગત મૂલ્યો અને ડિજિટલ સંસ્કૃતિ વચ્ચેના સંબંધને સમજવાનો હેતુ.
ભાષા, કુટુંબ અને સામાજિક સંબંધો પર AIના પડતા પ્રભાવ ને જાણવાનો હેતુ.

**સંશોધન પદ્ધતિશાસ્ત્ર (Methodology):**

**સંશોધનનો પ્રકાર:**

આ અભ્યાસ વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક પ્રકારનો છે. તેમાં કૃત્રિમ બુદ્ધિમત્તા દ્વારા સમાજની સંસ્કૃતિમાં થતા પરિવર્તનોનું વર્ણન અને વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

**માહિતીના સ્ત્રોતો:**

સંશોધન માટે મુખ્યત્વે દ્વિતીયક માહિતી (Secondary Data) નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં પુસ્તકો, સંશોધન લેખો, સામાયિકો (જર્નલ્સ),અને વિશ્વસનીય શૈક્ષણિક વેબસાઇટ્સનો સમાવેશ થાય છે.

**કૃત્રિમ બુદ્ધિમત્તા અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ :**

સંસ્કૃતિ સમાજના સભ્યોના વર્તન, માન્યતાઓ, મૂલ્યવ્યવસ્થા, ભાષા, રિવાજો, પરંપરાઓ અને જીવનશૈલીનુંજોડાયેલું સ્વરૂપ છે, સંસ્કૃતિ એક ગતિશીલ પ્રક્રિયા છે, જે સમય, પરિસ્થિતિ અને સામાજિક પરિવર્તન સાથે સતત વિકસતી રહે છે. આધુનિક યુગમાં કૃત્રિમ બુદ્ધિમત્તાઆ વિકાસપ્રક્રિયામાં એક નવી અને શક્તિશાળી શક્તિ તરીકે ઉમેરાઈ છે, જે સંસ્કૃતિના પરંપરાગત સ્વરૂપને ઊંડા સ્તરે પ્રભાવિત કરી રહી છે.AI આધારિત ટેક્નોલોજીજેમ કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, અલ્ગોરિધમ આધારિત ભલામણ પ્રણાલીઓ, ડિજિટલ સહાયક સાધનો, ચેટબોટ્સ અને સ્માર્ટ ઉપકરણોમાનવ જીવનના દૈનિક વ્યવહારમાં વ્યાપક રીતે પ્રવેશી ગઈ છે. આ ટેક્નોલોજી દ્વારા સંવાદની રીત, માહિતી મેળવવાની પ્રક્રિયા, વિચારવાની દિશા અને વર્તનશૈલીમાં મૂળભૂત ફેરફારો થઈ રહ્યા છે. પરિણામે સંસ્કૃતિ હવે ધીમે ધીમે "ડિજિટલ સંસ્કૃતિ"ના સ્વરૂપમાં પરિવર્તિત થઈ રહી છે.ડિજિટલ સંસ્કૃતિની વિશેષતા એ છે કે તે ઝડપી, વૈશ્વિક અને ટેક્નોલોજી આધારિત છે. લોકો હવે ભૌગોલિક સીમાઓને પાર કરીને વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા જોડાય છે. આ સ્થિતિ એક તરફ વૈશ્વિક સંસ્કૃતિક સંપર્ક અને વિચારોના આદાન-પ્રદાનને પ્રોત્સાહન આપે છે, પરંતુ બીજી તરફ પરંપરાગત સંસ્કૃતિના મૂળ તત્વો જેવા કે સામૂહિક જીવનશૈલી, મૌખિક પરંપરા, સ્થાનિક ભાષાઓ અને રિવાજોને પડકારરૂપ બને છે.આ રીતે, કૃત્રિમ બુદ્ધિમત્તા અને સંસ્કૃતિ વચ્ચેનો સંબંધ દ્વિધાત્મક છે. AI સંસ્કૃતિને આધુનિક, વૈશ્વિક અને કાર્યક્ષમ બનાવે છે, પરંતુ સાથે જ પરંપરાગત મૂલ્યો, માનવીય સંબંધો અને સાંસ્કૃતિક વૈવિધ્ય માટે પડકાર ઊભા કરે છે. તેથી સમાજશાસ્ત્રીય દૃષ્ટિએ આ સંબંધને સમજૂતીપૂર્વક સમજવો અને સંચાલિત કરવો આજના સમયની મહત્વપૂર્ણ જરૂરિયાત બની ગઈ છે.

**ભાષા અને સંવાદમાં પરિવર્તન:**

AI આધારિત સાધનો જેમ કે વોઇસ આસિસ્ટન્ટ, અનુવાદ એઇપ્લિકેશન્સ અને ચેટબોટ્સ, ભાષા અને સંવાદની ગતિ વધારવા માટે ઉપયોગમાં લેવાયા છે. વૈશ્વિક સ્તરે લોકોથી સીધી સંવાદની સુવિધા, જ્ઞાન અને માહિતીની ઝડપી ઉપલબ્ધતા AIના કારણે શક્ય બની છે. આ ટેક્નોલોજીનો લાભ એ છે કે લોકો હવે વૈશ્વિક વિચારસરણી સાથે જોડાઇ શકે છે, નવી કૌશલ્ય અને ભાષિક ક્ષમતાઓ પ્રાપ્ત કરી શકે છે.પરંતુ, આ પરિવર્તનના કારણે સ્થાનિક ભાષાઓ અને બોલીઓની પછાતી સ્થિતિ જોવા મળે છે. યુવા પેઢી ડિજિટલ મિડિયા અને ગ્લોબલ પ્લેટફોર્મ્સ પર પોતાના સંવાદ માટે અંગ્રેજી અથવા 'હિબ્રિડ' ભાષાનો ઉપયોગ વધારે કરે છે, જેના કારણે સ્થાનિક ભાષા અને મૌખિક પરંપરા પર દબાણ વધે છે. સંસ્કૃતિની વિવિધતા ઘટતી જાય છે, અને પરંપરાગત ભાષાકીય પરંપરાઓને જાળવવાનું પડકાર બની રહ્યું છે.

**કુટુંબ વ્યવસ્થા અને સામાજિક સંબંધો પર પ્રભાવ:**

પરંપરાગત ભારતીય સમાજમાં કુટુંબ માત્ર વ્યક્તિના જીવન માટે આધાર જ નહોતું, પરંતુ તે સમાજની સાંસ્કૃતિક અને સામાજિક રચનાનો મુખ્ય કેન્દ્ર ગણાય છે. કુટુંબ દ્વારા લોકો શિક્ષણ, નૈતિક મૂલ્યો, પરંપરા અને સામૂહિક જીવનની કૌશલ્ય શીખતા આવ્યા છે. પેઢી દર પેઢી કુટુંબમાં વહેંચાતા આ પરંપરા સમાજને એક સ્થિર સંસ્કૃતિક માળખું પ્રદાન કરતી રહી છે. પરંતુ આ પરંપરાગત માળખું હાલમાં ક્રાંતિજનક પરિવર્તનોની સામે ઉભું છે, જેમાં મુખ્ય તત્વ કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ડિજિટલ ટેક્નોલોજી છે. AI અને ડિજિટલ ટેક્નોલોજી, જેમ કે સ્માર્ટફોન એપ્લિકેશન્સ, સોશિયલ મીડિયા, મેસેજિંગ એપ્લિકેશન્સ, વિડિઓ કોલ અને વર્ચ્યુઅલ મીટિંગ પ્લેટફોર્મ્સ, કુટુંબના સભ્યો વચ્ચેના સંવાદમાં નવો દિશા આપી રહ્યા છે. જો કે આ પરિવર્તન બંને રીતે પ્રભાવ પાડે છે. એક તરફ, ટેક્નોલોજી દ્વારા કુટુંબમાં બાળકો અને બે પેઢી વચ્ચે વૈશ્વિક સ્તરે જ્ઞાન, માહિતી અને નવી વિચારસરણીનું વહન ઝડપથી થઈ શકે છે. કુટુંબના સભ્યો ઘરમાં બેસીને પણ અન્ય શહેર અથવા દેશમાં રહેલા કુટુંબીજનનો સાથે જોડાઈ શકે છે.પરંતુ, આ સવલતોના સાથે કેટલીક નકારાત્મક બાબતો પણ ઊભી થઈ રહી છે. વર્ચ્યુઅલ સંવાદને પ્રાધાન્ય મળતાં સામસામે મળવાનું મહત્વ ઘટી રહ્યું છે. કુટુંબના સભ્યો ઘરમાં હોવા છતાં ફોન, ટેબલેટ અથવા કમ્પ્યુટર સાથે વધુ સમય વિતાવે છે, જેને કારણે વ્યક્તિગત પ્રત્યાયન અને લાગણીઓનો વિકાસ ધીમો પડી રહ્યો છે. પરિણામે પેઢીઓ વચ્ચે વિચારસરણી, સાંસ્કૃતિક જાણકારી અને જીવનમૂલ્યોનું અંતર વધી રહ્યું છે. યુવા પેઢી ડિજિટલ માધ્યમો દ્વારા વૈશ્વિક સંસ્કૃતિને અપનાવવા માંડે છે, જેના કારણે જૂની પેઢી સાથે પ્રત્યાયન અને સમજણમાં રુકાવટ આવે છે.આ ઉપરાંત, સંયુક્ત કુટુંબવ્યવસ્થા પર પણ આનો પ્રભાવ પડે છે. કુટુંબમાંસહકાર અને સામૂહિક જવાબદારી ઘટી રહી છે. જ્યારે એક સમયે કુટુંબમાંએકસાથે ભોજન, સાંસ્કૃતિક ઉત્સવ અને પરંપરાઓ જીવનના અવિભાજ્ય ભાગ હતા, આજે તે બધું ઓનલાઇન અને ડીજીટલ બની રહ્યું છે. કુટુંબની પરંપરાગત આદર્શો, જેમ કે પેઢીઓ વચ્ચેના અનુભવ, સહકાર, સન્માનહવે ઓછી દેખાય છે.

**મૂલ્યપ્રણાલી અને નૈતિક પરિવર્તનઃ**

કૃત્રિમ બુદ્ધિમત્તામાત્ર ટેક્નોલોજીકલ ઉન્નતિ નથી, પરંતુ તે માનવ વ્યવહાર, વિચારસરણી અને મૂલ્યવ્યવસ્થા પર અસર પાડતી સામાજિક શક્તિ પણ બની ગઈ છે. પરંપરાગત સમાજમાં મૂલ્યપ્રણાલીનો વિકાસ કુટુંબ, સમાજ અને પરંપરા દ્વારા થતો રહ્યો છે. લોકોમાં સહાનુભૂતિ, સહકાર, સામૂહિક જવાબદારી, સામાજિક ન્યાય અને નૈતિક જવાબદારી જેવા ગુણો પેઢીથી પેઢી શીખવવામાં આવતા હતા. આ મૂળભૂત મૂલ્યો સમાજના સુચારુ વ્યવહાર અને સામાજિક બંધનના આધાર બની રહ્યાં છે.આવી પરંપરાગત મૂલ્યવ્યવસ્થા આજે AI દ્વારા ઊભી થતી ડિજિટલ સંસ્કૃતિ સાથે ફેરફાર અનુભવી રહી છે. અલ્ગોરિધમ્સ, ડેટા વિશ્લેષણ અને સ્વચાલિત સિસ્ટમો લોકોને આ રીતે પ્રભાવિત કરે છે કે શું જોવું, શું વાંચવું, શું ખરીદવું, કયા સમાચાર અને મનોરંજનનો અનુભવ કરવોઆ બધું હવે ટેક્નોલોજી નક્કી કરે છે. આ પ્રક્રિયામાં વ્યક્તિગત પસંદગીની સ્વતંત્રતા સીમિત થાય છે, અને નૈતિક વિચારો અને જવાબદારી પર અસરો જોવા મળે છે, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ, સ્ટ્રીમિંગ સેવા અને e-commerce સાઇટ્સમાં અલ્ગોરિધમ્સ વ્યક્તિના અગાઉના વર્તનને આધારે કન્ટેન્ટ, ફિલ્મો, સમાચારો અને ખરીદી સૂચવે છે. પરિણામે વ્યક્તિને લાગે છે કે તે સ્વતંત્ર છે, પરંતુ તેઓ મોટાભાગે અલ્ગોરિધમ્સ દ્વારા નિયંત્રિત મિડિયા, માહિતી અને પસંદગીઓના જાળમાં બંધાયેલા છે. સામાજિક દ્રષ્ટિએ, આ માનવીય સ્વતંત્રતા અને વિચારશક્તિ માટે પડકારરૂપ છે. AIના કારણે પરંપરાગત મૂલ્યો પણ પડકારનો સામનો કરી રહ્યા છે. સહકાર અને સામૂહિકતા જેવા મૂલ્યોના સ્થાને હવે વ્યક્તિગત સુવિધા, આરામ અને સ્વાર્થ વધુ મહત્વ પામે છે. જ્યારે પહેલાં લોકો સમૂહમાં મળીને સમસ્યાઓ હલ કરતા હતા, આજે વ્યક્તિગત પસંદગીઓ અને ટેક્નોલોજી આધારિત નિષ્ણાત સલાહ વધુ પ્રાધાન્ય પામે છે. પરિણામે, સામૂહિક જવાબદારી, સહાનુભૂતિ અને સમાજ માટે નૈતિક મૂલ્યોનું ધીમી પડછાય જોવા મળે છે.આ સાથે, સામાજિક ન્યાય અને સંવેદનશીલતા પર અસર પણ થાય છે. AI આધારિત ડ્રોન, ચેતવણી સિસ્ટમ્સ, સુરક્ષા સોફ્ટવેર, અને ઑનલાઇન પાત્રતાઓની ચકાસણીનો ઉપયોગ, જ્યારે સલામતી અને કાર્યક્ષમતા માટે યોગ્ય છે, ત્યારે તે વ્યક્તિગત અધિકારો, ગોપનીયતા અને નૈતિક વિચારની મર્યાદા પર પ્રશ્ન ઊભા કરે છે.

**સાંસ્કૃતિક સમાનતા અને ઓળખનો પ્રશ્નઃ**

આધુનિક ડિજિટલ યુગમાં વૈશ્વિક ડિજિટલ પ્લેટફોર્મ્સ, જેમ કે YouTube, Instagram, TikTok, Netflix અને Facebook, લોકો સુધી સામગ્રી પહોંચાડવાની ક્ષમતા ધરાવે છે. આ પ્લેટફોર્મ્સ વ્યક્તિના રસ, પસંદગીઓ અને વર્તનને અનુસરીને કન્ટેન્ટ પ્રદાન કરે છે, જેના કારણે લોકો વૈશ્વિક સ્તરે વિચાર, જીવનશૈલી, ફેશન, મનોરંજન અને મનોભાવના સાથે જોડાયેલા છે. પરિણામે સ્થાનિક સંસ્કૃતિઓ, પરંપરાગત કલા, લોકગીતો અને ભાષા ધીમે ધીમે ઓછી પ્રસ્તુતિ પામતી જાય છે. આ પ્રક્રિયાને સામાજશાસ્ત્રીય ભાષામાં સાંસ્કૃતિક સમાનતાકહે છે, જ્યાં વૈશ્વિક સ્ટાન્ડર્ડને લીધે સ્થાનિક અને પરંપરાગત વિશિષ્ટતાઓ ઘૂસી જાય છે અને સમાનતા વધે છે.વિશેષ કરીને યુવા પેઢી પર આનો સૌથી વધુ પ્રભાવ જોવા મળે છે. તેઓ ડિજિટલ માધ્યમો દ્વારા વૈશ્વિક સંસ્કૃતિ, ટ્રેન્ડ અને જીવનશૈલીથી સતત પ્રભાવિત થઈ રહ્યા છે. પરિણામે, પરંપરાગત ઓળખ, પરિવારમાં શીખવેલા મૂલ્યો અને સ્થાનિક પરંપરા સાથે વૈશ્વિક ઓળખ વચ્ચે સતત સંઘર્ષ ઊભો થાય

છે. આ સ્થિતિને ઓળખના સંકટ તરીકે ઓળખવામાં આવે છે. યુવાનોએ પોતાની જાતને સમજી શકાય તેવું સંતુલન શોધવાનું પડકારરૂપ બની જાય છે, કારણ કે તેઓ પરંપરાગત ઓળખ જાળવવા ઈચ્છે છે, પરંતુ ડિજિટલ માધ્યમોમાં પ્રસારિત વૈશ્વિક અભિગમોને અપનાવવા પણ દબાણ અનુભવે છે.

**સામાજિક શક્તિ અને નિયંત્રણઃ**

કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) એ માત્ર ટેક્નોલોજીકલ વિકાસ અથવા સાંસ્કૃતિક પરિવર્તન માટેનો સાધન નથી, પરંતુ તે સામાજિક શક્તિ અને નિયંત્રણ માટે પણ એક શક્તિશાળી માધ્યમ બની ગઈ છે. AI આધારિત ટેક્નોલોજી, ડેટા એનાલિટિક્સ અને મોનિટરિંગ સિસ્ટમો સમાજમાં લોકોના વર્તન, પસંદગીઓ અને સંબંધો પર ગહન અસર પેદા કરી રહી છે. આ તકનીકો માત્ર કાર્યક્ષમતા અને સુવિધા પૂરાં પાડતી નથી, પરંતુ વ્યક્તિગત ગોપનીયતા અને સ્વતંત્રતા માટે પડકારરૂપ બની રહી છે., સોશિયલ મીડિયા, સ્માર્ટફોન એપ્લિકેશન્સ, ઇ-કોમર્સ અને ડિજિટલ સર્વિસિસના માધ્યમથી વ્યક્તિના રસ, પસંદગીઓ, ખરીદીના પેટર્ન અને સોશિયલ કનેક્શન પર સતત નજર રાખી શકાય છે. AI આધારિત અલ્ગોરિધમ્સ આ માહિતીનો ઉપયોગ કરીને વ્યક્તિગત કન્ટેન્ટ, જાહેરાતો, મેસેજ અને સૂચનો પ્રદાન કરે છે. પરિણામે, લોકો પોતાની પસંદગીમાં તે જાતનો સ્વતંત્રતા અનુભવતા હોય છે, પરંતુ વાસ્તવમાં તે અલ્ગોરિધમ્સ અને ડેટા વિશ્લેષણ દ્વારા નિયંત્રિત થાય છે.ફૂકૉના (Michel Foucault) અનુસાર, શક્તિ માત્ર શાસક અથવા સંસ્થા સુધી મર્યાદિત નથી, પરંતુ તે દરેક સંવાદ, જ્ઞાન અને નિયમન પ્રક્રિયામાં હાજર રહે છે. AI ટેક્નોલોજી એ શક્તિના નવા સ્વરૂપો ઊભા કરે છે, જે વ્યક્તિના વર્તન, પસંદગીઓ, જ્ઞાન અને અનુભવને નિયંત્રિત કરી શકે છે. આ શક્તિના માધ્યમથી ટેક્નોલોજી સમાજના સાંસ્કૃતિક ધોરણો, મૂલ્યો અને વર્તન પર પણ પ્રભાવ પાડે છે.

**પરંપરા અને આધુનિકતાનું સહઅસ્તિત્વઃ**

આ તમામ મુદ્દાઓનું વિશ્લેષણ દર્શાવે છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ડિજિટલ ટેક્નોલોજીના ઉન્નત ઉપયોગથી પરંપરાગત સંસ્કૃતિ અને આધુનિક વૈશ્વિકીકરણ વચ્ચે સંઘર્ષ અવશ્ય ઊભો થાય છે. AI ટેક્નોલોજી સંસ્કૃતિને વૈશ્વિક સ્તરે પ્રસારિત કરી રહી છે, પરિવારો, મૂલ્યપ્રણાલી, સામાજિક સંબંધો, ઓળખ અને નૈતિકતા પર અસર પામી રહી છે. આવું થતા, યુવાનોમાં અને સમાજના વિવિધ સ્તરોમાં પરંપરા અને આધુનિકતા વચ્ચે સતત ટક્કર જોવા મળે છે.પરંપરા એ વ્યક્તિ અને સમાજને નૈતિક દિશા, આદર્શો, પરંપરાગત આચાર-વ્યવહાર અને સંસ્કૃતિક ઓળખ પ્રદાન કરે છે, જ્યારે આધુનિકતા અને ડિજિટલ ટેક્નોલોજી વ્યકિતગત સ્વતંત્રતા, વૈશ્વિક દૃષ્ટિકોણ, કાર્યક્ષમતા અને નવી શોધોને પ્રોત્સાહિત કરે છે. જ્યારે આ બંને સિદ્ધાંતો એકસાથે સમાન માળખામાં સહજીવન કરે છે, ત્યારે આ સંઘર્ષ એ સ્વાભાવિક છે.

**નિષ્કર્ષઃ**

આ સંશોધનથી સ્પષ્ટ થાય છે કે કૃત્રિમ બુદ્ધિમત્તા (AI) અને ડિજિટલ ટેક્નોલોજી સાંસ્કૃતિક પરિવર્તન, કુટુંબ અને સામાજિક સંબંધો, મૂલ્યવ્યવસ્થા અને નૈતિકતા, સાંસ્કૃતિક સમાનતા અને ઓળખ, અને સામાજિક શક્તિ અને નિયંત્રણ પર મહત્વપૂર્ણ પ્રભાવ પેદા કરે છે. વિશ્લેષણ અનુસાર, AIની હાજરી પરિવારના સભ્યો વચ્ચે સામસામે સંબંધોને ઘટાડી રહી છે અને સંયુક્ત કુટુંબ પ્રણાલીને પ્રભાવિત કરી રહી છે; તે સાથે લાગણાત્મક જોડાણ અને સામૂહિક મૂલ્યો પર પણ પડકાર ઊભો કરે છે. વૈશ્વિક ડિજિટલ માધ્યમો Cultural Homogenization અને ઓળખના સંકટ તરફ દોરી રહ્યા છે, જ્યારે AI આધારિત ડેટા, મોનિટરિંગ અને અલ્ગોરિધમ્સ ફૂકૉના દૃષ્ટિકોણ મુજબ શક્તિના નવા સ્વરૂપો ઊભા કરે છે, જે વર્તન, પસંદગીઓ અને સામાજિક વ્યવહારોને નિયંત્રિત કરે છે. આ સંશોધન દર્શાવે છે કે, યોગ્ય નીતિ, સાંસ્કૃતિક જાગૃતિ અને નૈતિક માર્ગદર્શન સાથે, ટેક્નોલોજીનો જવાબદાર ઉપયોગ પરંપરાગત મૂલ્યો અને આધુનિક તકનીકી વચ્ચે સહઅસ્તિત્વ સ્થાપિત કરી શકે છે, જે સમાજને ટકાઉ અને સમતોલ રીતે પ્રગતિ તરફ દોરી શકે છે.

**REFRENCE :**


- કાસ્ટેલ્સ, એમ. (2010). ધ રાઇઝ ઑફ ધ નેટવર્ક સોસાયટી (૨રી આવૃત્તિ). ઑક્સફોર્ડઃ બ્લેકવેલ પબ્લિશિંગ.
- ફૂકૉ, એમ. (1995). ડિસિપ્લિન એન્ડ પનિશઃ ધ બર્થ ઑફ ધ પ્રિઝન. ન્યૂ યોર્કઃ વિન્ટેજ બુક્સ.
- ઝુબૉફ, એસ. (2019). ધ એજ ઑફ સર્વેલન્સ કેપિટલિઝમઃ ધ ફાઇટ ફોર એ હ્યુમન ફ્યુચર એટ ધ ન્યૂ ફ્રન્ટિયર ઑફ પાવર. ન્યૂ યોર્કઃ પબ્લિકઅફેર્સ.
- Bhattacharya, R. (2019). Cultural homogenization in the digital era. Journal of Global Media Studies, 12(3), 45–60.
- Foucault, M. (1977). Discipline and punish: The birth of the prison. New York: Pantheon Books.

- Sharma, K. (2020). Artificial intelligence and cultural change: An Indian perspective. Journal of Technology & Society, 7(2), 101–120.
- Kapoor, S., & Singh, R. (2021). Digital platforms and youth identity conflict. Asian Journal of Sociology, 14(1), 23–38
- Patel, N. (2019). Digital communication and joint family dynamics. Journal of Indian Sociology, 10(1), 30–48.
- https://share.google/GG2wszWYOptZanXR0
- The Impact of Artificial Intelligence on Cultural Practices and Communication |International Journal of Multidisciplinary Global Research https://share.google/yCeLWXn0a2AK9Sjjg
- Socio-Culture Impact of AI on Traditional Indian Communities | The Voice of Creative Research https://share.google/1FdaPPwN9QQwmdDYg